BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

**પરિપત્ર:-**

વિષય : G20 સમિટ-૨૦૨૩ અંતર્ગત તમામ કોલેજોમાં કરવાની થતી કામગીરી બાબતે.

સંદર્ભ : Knowledge Consortium of Gujarat, Department of Education, Government of Gujarat નો પત્ર ક્રમાંક કેસીજી/૨૦૨૨-૨૩/૨૬૪૨ તા. ૨૧/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ભારત 1 ડિસેમ્બર 2022 થી 30 નવેમ્બર 2023 સુધી G20નું પ્રમુખપદ ધરાવે છે જે એક ઐતિહાસિક બાબત છે. G20 ની થીમ "વસુધૈવ કુટુમ્બકમ" (એક પૃથ્વી, એક કુટુંબ એક ભવિષ્ય)રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને ભારતના G20નો એક ભાગ બનાવવા માટે રાજ્યએ તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવી જોઈએ જેનાથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહિત કરવામાં મદદ મળશે તેમજ તેમને શીખવા માટે સારું પ્લેટફોર્મ પૂરું પડશે.

વિદ્યાર્થીઓ યુથ-એમ્બેસેડર તરીકે G-20 સમિટમાં ભાગ લે તે માટે કોલેજ કક્ષાએ કો-ઓર્ડિનેટર તથા ઇન્ટર્નલ ટીમ બનાવીને કોલેજ કક્ષાએ થનાર પ્રવૃતિઓ જેવી કે ડીબેટ, ક્વિઝ સ્પર્ધા,પેનલ ડિસ્કશન,એક્સપર્ટ લેકચર વગેરેનું લીસ્ટ આપની કોલેજના નોટીસ બોર્ડ પર જાહેર કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા. ઉપરોક્ત વિષય અન્વયે તા. ૩૧-૦૧-૨૦૨૩ ના રોજ Eassy Writing on anti-courruption (200 Word) Competition આપની કક્ષાએથી યોજી ૧,૨, અને ૩જા સ્થાને આવનાર વિદ્યાર્થીના નામ તા. ૦૧/૦૨/૨૦૨૩ રોજ યુનિવર્સિટીના G20 ના ઇ-મેઇલ G20bknmu@gmail.com પર મોકલી આપવા તેમજ ઇવેન્ટના ૧ થી ૨ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ મોકલી આપવા વિનંતી. ઉપરાંત G20 અનુસંધાને આપની કોલેજમાંથી G20 માટે કોલેજ લેવલે નોડલ ઓફિસરની નિયુક્તી કરી તેની વિગતો અત્રેની યુનિવર્સિટીના G20 ના ઇમેઇલ પર મોકલી આપવા જણાવવામાં આવે છે. ટુંક સમયમાં G20 અનુસંધાને યુનિવર્સિટી દ્વારા એક સેમિનાર પણ યોજવામાં આવનાર છે. G20 ની તમામ પ્રવૃતિ એકમાં તમામ કોલેજોને સહભાગી થવા નમ્ર અનુરોધ કરવામાં આવે છે.

કા. કુલસચિવ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

ક્રમાંક/બીકેએનએમયુ/NSS/G20/030/2023
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૨૭/૦૧/૨૦૨૩
પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.......

**નકલ સાદર રવાના :**

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી